| Innovation ID | DTP0010000002634 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** ગાજરનું (Daucus carota) ઉત્પાદન વધારવું

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** lok (૨) ૫, sep-oct-૧૯૯૭, Pg No. ૪

**Brief** ક્યારાના માપમાં ફેરફાર કરી ગાજરનું(Daucus carota) ઉત્પાદન વધારી શકાય છે.

**Detail** (આ પદ્ધતિ માર્ચ ૨૦૦૪માં રિચેક કરેલ છે.)
ગાજરનું(Daucus carota) વધુ ઉત્પાદન મેળવવા માટે પાટણ તાલુકાના હાંસાપુર ગામના ખેડૂતશ્રી ઉમેદભાઇ કેશુભાઇ પટેલે ગાજરની વાવણીની પધ્ધતિમાં ફેરફાર કર્યો છે.
સામાન્ય રીતે ખેડૂતો સાડા ત્રણ થી ચાર ફૂટ પહોળા અને ૧૫ થી ૨૦ ફૂટ લાંબા કયારામાં ગાજરને પૂંખીને વાવે છે. પરંતુ ઉમેદભાઇએ તેમાં સુધારો કરીને ગાજરનું ઉત્પાદન વધારે મેળવ્યું છે.
તેમનું કહેવું છે કે, જેમ કયારા વધારે લાંબા અને પહોળા હોય તેમ પાણી વધારે પીવે છે. જેથી, જમીન કઠણ થઇ જાય છે જયારે ગાજરના કંદને વિકસવા માટે પોચી અને ભરભરી જમીન જરૂરી છે. તેથી તેમણે ઊંડી ખેડ કરવાનું નક્કી કર્યુ. બીજો મહત્વનો ફેરફાર કયારાના માપમાં કર્યો. દસ ફૂટ લાંબા અને ત્રણ ફૂટ પહોળા કયારા કર્યા. જેથી જમીનમાં પાણી ઓછું પચવાથી જમીન કઠણ થઇ જતી નથી. અને કયારામાં પાળાની સંખ્યા વધુ થતા અને પાળાની આસપાસ જમીન પોચી રહેતી હોવાથી ત્યાં ગાજર વધુ સારી રીતે વિકસે છે. કયારાના માપના ફેરફારથી પાણીની બચત પણ થાય છે. તેમનું કહેવું છે કે, કયારાના કદમાં ફેરફાર કર્યો તે પહેલા એક વિઘા જમીનને ચાર કલાકે પાણી આપી શકતા જયારે કયારાના માપમાં ફેરફાર કર્યા પછી બે થી અઢી કલાકમાં પિયત થઇ જાય છે. ઉમેદભાઇનું કહેવું છે કે, કયારાના માપમાં ફેરફાર કર્યા પહેલા વીઘે ૫૦૦ થી ૬૦૦ મણ ગાજર મળતા હતા. હવે તેમાં વધારો થઇને ૮૦૦ થી ૧૦૦૦ મણ ગાજરનું ઉત્પાદન મળે છે. તેમજ ગાજરની ગુણવત્તામાં પણ સુધારો માલુમ પડયો છે. ગાજર પણ મોટા અને વધારે લાંબા થાય છે.

(નોંધઃ ગાજરમાં ક્યારેય જીવાત પડતી નથી. ફુગ લાગે છે.)

ગાજરનું ૧૫ વર્ષથી વાવેતર થાય છે. વિઘે ૨૫૦ મણથી ૫૦૦ મણ ઉત્પાદન મળે છે. ક્યારા નાના અને છોડ ૪ આંગળ છે. છોડ વચ્ચે અંતર વધુ ઉત્પાદન મળે છે ગામના બધા ખેડૂતો આ પદ્ધતિ વાપરે છે.

ગામમાં ગાજર બધા વાવે છે.
ઉત્તરદાદા ૩ વિઘામાં ગાજર વાવે છે.
ભાદરવામાં વાવેતર કરે છે. પાણીથી ખેતરમાં વધુ નુકશાન છે. આ વર્ષે ગાજર લેટ વાવેતર થશે. ૧ વિઘામાં ૩૦૦ મણથી ૪૫૦ મણ થાય છે. ગાજરનું બીજ ઘરનું જ રાખે છે. સંગ્રહ ગારના ફુલ ઉપર પાકે તેમાં બીજ લણી સુકવી કોથળામાં ભરે છે. ગાજરમાં ચરમી આવે છોડને બાળી નાખે છે. દવા લાવી છાંટે છે. વાદળવાળા વાતાવરણમાં ચરમી આવે છે. છોડનો વિકાસ થતો નથી.

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૨૭-૮-૨૦૦૬માં મહેશ. કે. પરમારે કરેલ છે.)

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી - સપ્ટેમ્બર-૨૦૦૭માં મહેન્દ્રભાઈ. બી. વાઘેલાએ કરેલ છે.)
ઉપરોક્ત પદ્ધતિ સાચી છે.
- આ પદ્ધતિમાં કોઈ સુધારો વધારો કરેલ નથી.

- આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.
- આ પદ્ધતિનો મૂળસ્રોત ઉત્તરદાતા પોતે છે.
- આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી. સાવચેતી નથી.
- આ પદ્ધતિનો ફેલાવો ૨૫ ટકા લોકો જાણે છે.

- આ પદ્ધતિ અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થયેલ નથી.
- આ પદ્ધતિ ઉત્તરદાતાને લોકસરવાણીમાં છપાવવામાં રસ છે.

અન્ય ઉપયોગ કર્તાઃ
- મણાભાઈ અમથાભાઈ પટેલ
- વિરચંદભાઈ પ્રભાભાઈ પટેલ

મુ.પો. હાંસાપુર, તા. જિ. પાટણ.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** ઉત્પાદન, ગાજર, Daucus carota, ક્યારા, માપ, ફેરફાર, પાટણ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૯૫૨ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | ચીમન | Middle Name | એચ. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ચંદ્રોડા | | | Taluka | સમી |
| District | Patan | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૦૭ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | ઉમેદભાઈ | Middle Name | કેશુભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. હાંસાપુર | | | Taluka | પાટણ |
| District | Patan | State | Gujarat | Country | India |

Biography

આ ઉત્તરદાતાની ઉંમર ૭પ વર્ષની છે. તેઓ અભણ છે. તેમને ૧૫ વિઘા જમીન છે જે પિયત છે. તેમાં ગાજર, ઘઉ, રાયડો, દિવેલા, જુવાર, ડુંગળી, લસણ વાવે છે. તેમને ત્રણ દિકરા અને ત્રણ દિકરી છે. હાલ તેમને ૧૯ વ્યક્તિનું કુટુબ છે. સંયુકત કુટુંબમાં રહે છે. ઉત્તરદાતા બે ભાઈ હતા જેમાં ઉત્તરદાતા નાના છે. મોટા મૃત્યુ પામેલ છે. અહીથી પાટણ એક કિલોમીટર છે. તેઓ પાસે ૯ ભેંસો છે. નાની મોટી થઈને. હાલ ઉંમરના લીધે ઘરે જ છે.

ઉત્તરદાતા ખેતી સાથે પશુપાલન વ્યવસાય કરે છે તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે. રસના વિષયમાં ખેતીને પ્રાધાન્ય આપે છે.

ગામનો પરિચય
આ ગામમાં ૨૫૦૦ વસ્તી છે. ગામમાં રાવળ, પટેલ, ઠાકોર, દેસાઈ, પ્રજાપતિ, સુથાર, બાવા, હરિજન વગેરે જ્ઞાતિના લોકો રહે છે. આ ગામમાં પ્રાથમીક શાળા, આંગણવાડી, બાલવાડી વગેરે છે. અહી મુખ્યત્વે ઘઉ, રાયડો, ગાજર, દિવેલાનો મુખ્ય પાક છે. ગામમાં ૨૮૦ ઘર પટેલ, ઠાકોર, હરિજન, રબારી વગેરે જાતીના છે. ગામથી પાટણ ૩ કિલોમીટર દૂર છે.

આ વિસ્તારની જમીન કાળી અને ગોરાળું છે. પાકોમાં કપાસ, બાજરી, જુવાર, દિવેલા, ઘઉં, રાયડો, જીરૂ જેવા પાકોનું વાવેતર થાય છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | | | Taluka | માંડલ |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002648 | Sr No : 2 |
|---|---|---|

Innovation Title: આંબા(Mangifera indica) માં મોર ખરતો અટકાવવા

Category: પાક ઉત્પાદન

Notebook Number: lok(૩) ૧, Feb- ૧૯૯૮, Pg No. ૫

Brief: આંબા (Mangifera indica) માં મોર ખરતો અટકાવવા માટે મીઠાનો ઉપયોગ

Detail: (આ પદ્ધતિ માર્ચ ૨૦૦૪માં રિચેક કરેલ છે.)
ફાગણ-ચૈત્ર માસમાં આંબા (Mangifera indica) ને મોર આવે છે. મોર બેસવાની શરૂઆત થાય તે દરમિયાન ઝાંખા રાખોડી રંગની ફૂગ જોવા મળે છે. પરિણામે મોર સૂકાઇ જાય છે અને ખરા પડે છે. રોગના અસરવાળા માંડીયા ઉપર કેરી બેસતી નથી. રોગપ્રેરક ફૂગ બારેમાસ કુમળી ડાળી ઉપર સુસુપ્ત અવસ્થામાં રહે છે. ફૂલ બેસવાના સમયે હવામાં ભેજ અને સમઘારણ ઉષ્ણ હવામાન મળતા ફૂગ સર્કિય બને છે.
આંબામાં મોર ખરી જવાની સમસ્યાના ઉકેલ માટે મહેસાણા જિલ્લાના હાંસીપુર ગામના શ્રી ઉમેદભાઇ કેશુભાઇએ મીઠાનો ઉપયોગ કર્યો છે.
જૂન માસમાં કેરીનો પાક પૂરો થાય એટલે આંબાના થડની ફરતે એક ફૂટ જેટલો ઊંડો ખાડો કરીને જાડુ મૂળ કપાઇ ન જાય તેની ખાસ કાળજી રાખી પાતળા મૂળના જાળાને કાપી નાખવા ત્યારબાદ ખોદેલા ખાડામાં પાંચ થી દસ કિ.ગ્રા મીઠું થડને ફરતું નાખ્યુંઅને ઉપર માટી નાખી ખાડો બુરી દેવો, ઉમેદભાઇનું કહેવું છે કે, મીઠાનો ઉપયોગ કર્યા પછી મોર ખરતો અટકયો અને ઉત્પાદન પણ બરાબર મળ્યું. મીઠાં સાથે આશરે બે કિલો છાંણીયું ખાતર નાખે છે.
આ પ્રયોગ ૯ વર્ષ પહેલા કરેલો. ત્યાર બાદ ખરવાનું ઓછું થતાં પ્રયોગ કરતા નથી. ઉત્તરદાતા પાસે છ આંબા હતા ઉધઈથી સુકાતા હાલ બે આંબા રહેલ છે.

(આ પદ્ધતિનું પી.આઈ.સી ઓગસ્ટ ૨૦૦૪માં નિતિન રાઠોડે કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
(નોંધ- ઉત્તરદાતા પહેલા આ પદ્ધતિ અપનાવતા હતા. હાલમાં એક જ આંબો બચ્યો છે. તેમાં પણ મોર ખાસ ખરતા નથી. તેથી આ પદ્ધતિ હાલમાં અપનાવતા નથી. આ ખેડૂતે હાલમાં સાગનું વાવેતર કરેલ છે. શીવ-શક્તિ કંપનીના છોડ લીધેલા છે.

(નોંધઃ- આ પદ્ધતિનું રીચેક - સપ્ટેમ્બર - ૨૦૦૭માં મહેન્દ્રભાઈ. બી. વાઘેલાએ કરેલ છે.)

ઉપરોક્ત પદ્ધતિ સાચી છે.
- ઉપર જણાવ્યા મુજબ જ આ પદ્ધતિ ઉપયોગ કરવામાં આવે છે તેમાં સુધારા વધારો કરેલ નથી.
આ પદ્ધતિમાં વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવતો નથી.
- પ્રમાણ - આંબાના ઝાડના એક ખાડામાં આશરે ૨૫૦ ગ્રામ મીઠું નાખવામાં આવે છે તથા તેની સાથે ૨ કિલો ગ્રામ જેટલું છાંણીયું ખાતર નાંખે છે.
- આ પદ્ધતિ પરંપરાગત છે.
- આ પદ્ધતિનો મૂળસ્રોત વડવાઓ છે.
- આ પદ્ધતિનો વિચાર બાપ-દાદાઓ પાસેથી શીખેલા છે.
- આ પદ્ધતિ ગામમાં ૫ ટકા લોકો જાણે છે.
- આ પદ્ધતિની મર્યાદા નથી. સાવચેતી નથી.

- આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થયેલ નથી.
- ખેડૂતને આ પદ્ધતિ લોકસરવાણીમાં છપાવવામાં રસ છે.

અન્ય ઉપયોગ કર્તાઃ
મણાભાઈ અમથાભાઈ પટેલ
વિરચંદભાઈ પ્રભાભાઈ પટેલ
મુ.પો. હાંસાપુર, તા. પાટણ, જિ. પાટણ

(નોંધઃ- ઉત્તરદાતા અભણ છે પરંતુ સહી કરી શકે છે.)

Method of Use

Caution

Benefit

Condition

Material Used: મીઠું

IPR Status

Keywords: આંબો, Mangifera indica, મોર, મીઠું, પાક, ડાળી, ફૂગ, પાટણ

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૦૮૫૬ Member Type Verifier

First Name મહેશ Middle Name કે. Last Name પરમાર

Profession Designation

Address 1

Village મું.પો. કુડોલ Taluka મોડાસા

District Sabarkantha State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૧૯૫૨ Member Type Scout

First Name ચીમન Middle Name એચ. Last Name પરમાર

Profession Designation

Address 1

Village ચંદ્રોડા Taluka સમી

District Patan State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૬૦૭ Member Type Innovator

First Name ઉમેદભાઈ Middle Name કેશુભાઈ Last Name પટેલ

Profession ખેતી Designation ખેડૂત

Address 1

Village મુ. હાંસાપુર Taluka પાટણ

District Patan State Gujarat Country India

Biography આ ઉત્તરદાતાની ઉંમર ૭૫ વર્ષની છે. તેઓ અભણ છે. તેમને ૧૫ વિઘા જમીન છે જે પિયત છે. તેમાં ગાજર, ઘઉ, રાયડો, દિવેલા, જુવાર, ડુંગળી, લસણ વાવે છે. તેમને ત્રણ દિકરા અને ત્રણ દિકરી છે. હાલ તેમને ૧૯ વ્યક્તિનું કુટુબ છે. સંયુકત કુટુંબમાં રહે છે. ઉત્તરદાતા બે ભાઈ હતા જેમાં ઉત્તરદાતા નાના છે. મોટા મૃત્યુ પામેલ છે. અહીથી પાટણ એક કિલોમીટર છે. તેઓ પાસે ૯ ભેંસો છે. નાની મોટી થઈને. હાલ ઉંમરના લીધે ઘરે જ છે.

ઉત્તરદાતા ખેતી સાથે પશુપાલન વ્યવસાય કરે છે તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે. રસના વિષયમાં ખેતીને પ્રાધાન્ય આપે છે.

ગામનો પરિચય
આ ગામમાં ૨૫૦૦ વસ્તી છે. ગામમાં રાવળ, પટેલ, ઠાકોર, દેસાઈ, પ્રજાપતિ, સુથાર, બાવા, હરિજન વગેરે જ્ઞાતિના લોકો રહે છે. આ ગામમાં પ્રાથમીક શાળા, આંગણવાડી, બાલવાડી વગેરે છે. અહી મુખ્યત્વે ઘઉ, રાયડો, ગાજર, દિવેલાનો મુખ્ય પાક છે. ગામમાં ૨૮૦ ઘર પટેલ, ઠાકોર, હરિજન, રબારી વગેરે જાતીના છે. ગામથી પાટણ ૩ કિલોમીટર દૂર છે.

આ વિસ્તારની જમીન કાળી અને ગોરાળું છે. પાકોમાં કપાસ, બાજરી, જુવાર, દિવેલા, ઘઉં, રાયડો, જીરૂ જેવા પાકોનું વાવેતર થાય છે.

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૧૧૯ Member Type Verifier

First Name નિતિન Middle Name કે Last Name રાઠોડ

Profession Designation

Address 1 મું. મહેસાણા, ૨, મેધદુત સોસાયટી, વિસનગર રોડ,

Village મું. મહેસાણા Taluka

District Mahesana State Gujarat Country India

Biography

Member ID DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૨૦૨ Member Type Verifier

First Name મહેન્દ્ર Middle Name બી. Last Name વાઘેલા

Profession Designation

Address 1

| | | | | | |
|---|---|---|---|---|---|
| Village | મું. ઉધરોઝપુરા | | | Taluka | માંડલ |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |

Biography